eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 323
August 03, 2012

## સુરત મહાનગરપાલિકા ધ્વારા કારગીલ વિજયદિન નિમિત્તે "કારગીલ ચોક" ખાતે શહીદોને શ્રધ્ધાસુમન અર્પણ કરવાનો કાર્યક્રમ



સુરત મહાનગરપાલિકા ધ્વારા કારગીલ વિજયદિન નિમિત્તે તા. ૨૬મી જુલાઈ, ૨૦૧૨ને ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ કલાકે "કારગીલ ચોક", પીપલોદ, સુરત ખાતે શહીદોને શ્રધ્ધાસુમન અર્પણ કરવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા. ૨૮/૦૭/૧૨ ના રોજ ભેસ્તાન શહેરી આરોગ્ય કેન્દ્ર, એચ–૧૫, ઈ.ડબલ્યુ.એસ. આવાસ, ભેસ્તાન, સુરત ખાતેથી આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા કારગીલ વિજયદિન નિમિત્તે "કારગીલ ચોક" ખાતે શહીદોને શ્રધ્ધાસુમન અર્પણ કરવાનો કાર્યક્રમ



સુરત મહાનગરપાલિકા ધ્વારા કારગીલ વિજયદિન નિમિત્તે તા. ૨૬મી જુલાઈ, ૨૦૧૨ને ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ કલાકે "કારગીલ ચોક", પીપલોદ, સુરત ખાતે શહીદોને શ્રધ્ધાસુમન અર્પણ કરવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં મા.મેયરશ્રી રાજેન્દ્ર એ.દેસાઈ, ડે.મેયરશ્રીમતી વર્ષાબેન રાણા,સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનરશ્રી એમ.કે.દાસ, શાસક પક્ષ નેતાશ્રી દયાશંકર સિંહ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી ઉર્વશીબેન રામીમાળી, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ,મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ,અધિકારીશ્રીઓ,મહાનુભાવોએ શહીદોના સ્મારકને શ્રધ્ધાસુમન અર્પણ કરી શ્રધ્ધાંજલી આપી હતી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના "જય જવાન જય કિશાન","શહીદો અમર રહો" અને "વંદેમાતરમ"ના નારાથી વાતાવરણ ગુંજી ઉઠયું હતું. આ પ્રસંગે શહેરના નગરજનો, શાળાઓના બાળકો મોટી સંખ્યામાં હાજર રહી પુષ્પાંજલી અર્પણ કરી હતી.

TOP

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ




ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા. ૨૮/૦૭/૧૨ ના રોજ ભેસ્તાન શહેરી આરોગ્ય કેન્દ્ર, એચ–૧૫, ઈ.ડબલ્યુ.એસ. આવાસ, ભેસ્તાન, સુરત ખાતેથી આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ડે.મેયર શ્રીમતિવર્ષાબેન રાણા, શાસકપક્ષના નેતા શ્રીદયાશંકર શકલનારાયણસિંહ, રૂગ્ણાલયો,વૈદકિયરાહત અને તંદુરસ્તીવર્ધક સમિતિ અધ્યક્ષ શ્રી અનિલભાઈ પટેલ, મ્યુનિ.સદસ્યા શ્રીમતિ રંજનાસિંહ રાજપુત, ઉધનાઝોનનાં ઝોનલચીફ શ્રી બી.એસ.શાહ, કાર્યપાલક ઈજનેર શ્રી ડી.એ.હરપ્લાની, નાયબ આરોગ્ય અધિકારી ડો.દિનેશભાઈ પટેલ, નાયબ આરોગ્ય અધિકારી, આરોગ્ય વિભાગ ડો.કલ્પેશ ખત્રી, સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, ભેસ્તાન/ઉન/ઉધના શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો, આઈ.સી.ડી.એસ.ના કર્મચારી તથા અન્ય અધિકારી / કર્મચારીઓ હાજર રહયા હતા.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો ભેસ્તાન શહેરી આરોગ્યકેન્દ્રની આસપાસ વિસ્તારના **કુલ ૮૫૧** લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૮૩, ચામડીના નિષ્ણાત દ્વારા ૯૯, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૧૬૮, બાળરોગ નિષ્ણાત દ્વારા ૧૮૬, ફિઝીશયન દ્વારા ૧૨૯, સર્જન દ્વારા ૩૬, મેડીકલ ઓફીસર દ્વારા ૧૫૦ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૨૦ દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસ ૬૦ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૫૧ દર્દીઓને વિશિષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી. ૧૨૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૪૫૦, ઓરલ પીલ્સ ૧૫૦ પેકેટ,આર્યન ફોલીક ૯૦૦ ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. રસીકરણ વિભાગ દ્વારા ૦૨ બાળકને બી.સી.જી., ૦૪ બાળકોને ડીપીટી, ૦૬ બાળકોને પોલીયોની રસી આપવામાં આવી હતી તથા ૨૦૦૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશ્નર શ્રીએમ.કે.દાસના આદેશાનુસાર આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પિટલ)ડો.હેમંત એસ.દેસાઈ ના માર્ગદર્શન મુજબ નાયબ આરોગ્ય અધિકારી ડો.કે.આઈ.ખત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

**નોંધ :–** આગામી વિના–મૂલ્યે આરોગ્ય નિદાન સારવાર કેમ્પનું આયોજન તા.૦૪/૦૮/૧૨ના રોજ માનવધર્મ આશ્રમ, સંતતુકારામ સોસા. વિભાગ–૩, પાલનપુર ગામ,સુરત ખાતે રાખવામાં આવેલ છે.જેનો આ વિસ્તારના તથા અન્ય તમામ નાગરિકોને મહત્તમ લાભ લેવા વિનંતી છે.

TOP